## જન્મદિને વધામણી



નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧



મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૬૫ ૧૯૭૮૫



મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૬૫ ૧૯૭૮૫



ભૂપેન્દ્ર ધીરજલાલ શાહ
એડવોકેટ



એના વિરલભાઈ નાયક
મો. ૯૪૨૬૫ ૧૯૭૮૫



સ્મિત કે પારેખ

### યુવક મહોત્સવ અને ખેલ મહાકુંભમાં

# વિનયન કૉલેજના સિતારા ઝળક્યા





સરકારી વિનયન કૉલેજ, સૅક્ટર-૧૫માં તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા હરિન દોચાણીએ હાલમાં જ અમદાવાદ ખાતે આયોજિત યુવક મહોત્સવમાં ઈન્ટર ઝોનલ કક્ષાએ 'ઑન ધ સ્પૉટ પેઈન્ટિંગ'માં પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવ્યું છે. કૉલેજના આચાર્ય અને સમગ્ર કૉલેજ પરિવારે આ વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-૨૦૧૭માં આ જ કૉલેજ અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ભુવનેશ્વરી ચૌહાણે ગોળાફેંક અને ચક્રફેંકમાં રાજ્યમાં પ્રથમ ક્રમ મેળવી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે અને કૉલેજને ગૌરવ અપાવ્યું છે. આચાર્ય ડૉ. હિંમતભાઈ ભાલોડીયા, જીમખાના કન્વીનર ડૉ. વિષ્ણુ પુરોહિત, શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા પ્રા. એ જી પટેલ અને સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલવીરાંગનાને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગરના કલાકારો દ્વારા નડિયાદમાં નાટકનું મંચન



ગાંધીનગર, તા. ૭

દાંપત્યજીવન માણવા જેવું છે. પત્ની સોનુ અને પતિ વિકાસના લગ્નજીવનની રંગીન વાતો, પ્રસંગો અને ઘટનાઓને વાચા આપતું હસમુખ મૅકવાન લિખિત-દિગ્દર્શિત-અભિનિત પારિવારિક નાટક 'સોનુ, તને વિકાસ પર ભરોસો નહીં કે' નડિયાદ મુકામે ખાસ આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં ભજવાયું હતું.

આ કૉમેડી નાટકમાં ગાંધીનગરના કલાકારો વિવેકા પટેલ, ઊર્મિલા સોલંકી, વિનય મિસ્ત્રી, શિવાંગરાવલ, હસમુખ મૅકવાન અને અમદાવાદના કૉમેડી કિંગ પ્રકાશ ગદાણીએ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત સંકલન તેમજ સંચાલન નિરવ મૅકવાનનું હતું. મેક-અપ ઉર્મિલા સોલંકી, સૅટીંગ્સ રંગદેવ થિયેટર્સ-સ્વ. ભગવત ભાવસાર તેમજ પ્રૉડક્શન ઈન-ચાર્જ તરીકે હિમાંશુ ભચેચ, નેપથ્યમાં મૌલિક ગોહિલ અને કલીમ હાશમીએ સેવાઓ આપી હતી.

આ નાટકના વધુ પ્રયોગો આગામી દિવસોમાં મહેમદાવાદ, ખંભોળજ, આણંદ, વડોદરા અને પાલનપુર મુકામે યોજાઈ રહ્યા છે.

### યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉમદા કાર્ય

# વંચિતોને દૂધપૌંઆ વહેંચીને શરદ પૂનમ ઉજવી





યુનાઈટેડ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જરૂરિયાતમંદોને દૂધપૌંઆનું વિતરણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટ દ્વારા દર ગુરુવારે ખીચડીનો પ્રસાદ પણ જરૂરિયાતમંદોને વહેંચવામાં આવે છે.

### લોહાણા યુવા સંગઠન દ્વારા

# ગાંધીનગરથી વીરપુરની પદયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૭

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા છેલ્લાં ૨૦ વર્ષથી ગાંધીનગરથી વીરપુર સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જલારામ બાપા પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને ભક્તિ સાથે બાધા, શ્રદ્ધા અને આખડી પૂર્ણ કરવા અનેક ભક્તોએ જોડાઈને આજદિન સુધી ભક્તિ તથા ધર્મ લાભ લીધો છે. સંસ્થા દ્વારા આ વર્ષે પણ જલારામ બાપા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ પરિપૂર્ણ કરવાની નેમ સાથે આગામી તા. ૨૯ ઑક્ટોબરથી ૭ નવેમ્બર સુધી ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૧ કિમી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જોડાનાર પદયાત્રી ભાઈઓ, બહેનોને ઉત્તમ સેવા પર્યાપ્ત કરાવવા માટે સંસ્થાના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો સજ્જ છે. આ ઉપક્રમ માટે માતૃસંસ્થા શ્રી જલારામ સેવા સમાજ, અને શ્રી જલારામ મહિલા મંડળ, ગાંધીનગરના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોનો સાથ-સહકાર પણ સાંપડી રહ્યો છે.

૨૧મી પદયાત્રાની વધુ માહિતી તથા ફૉર્મ અંગે કારોબારી સમિતિ તેમજ સંપર્ક સૂત્રોનો સંપર્ક કરવા સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. ફોર્મ મેળવીને પરત કરવાની છેલ્લી તારીખ ૨૮ ઑક્ટોબર નિયત કરવામાં આવી છે.

ફોર્મ ભરીને પરત આપવા માટે સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરી શકાશે. આ અંગેની વધુ માહિતી માટે નિલેશ જી પૂજારા (મો. ૯૮૨૪૨ ૬૦૨૮૬), પાર્થ ઠક્કર (મો. ૯૮૨૫૬૦૮૭૪) અથવા ચિંતન એ ઠક્કર (મો. ૯૮૯૮૧ ૨૭૦૦૦)નો સંપર્ક કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# જલારામ મિત્ર મંડળ દ્વારા શરદ પૂનમે ગરબા યોજાયા



જલારામ મિત્ર મંડળ દ્વારા શરદ પૂર્ણિમા નિમિત્તે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરિવારજનોએ સાથે મળીને ગરબા રમવાનો આનંદ માણ્યો હતો.

### આજે કેઍસવી ખાતે વિશ્વગ્રામ દ્વારા સંવાદ

ગાંધીનગર, તા. ૭

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળની આગામી બેઠક ગાંધીનગર ખાતે યોજિત કરવામાં આવી છે. વિચાર વર્તુળ એ વિચારશીલ લોકો માટે સંવાદ સ્થાપવા માટેનો એક ઉપક્રમ છે, જેના બીજા મણકાનો આરંભ કરવામાં આવ્યો છે. આ વખતે સંવાદનો વિષય રસપ્રદ નિયત કરવામાં આવ્યો છે.

વિષય છે - કાશ્મીર : પડઘાની સંભાવનાનો પ્રદેશ. પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ઍલડીઆરપી કૅમ્પસ, સૅક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આગામી તા. ૮ ઑક્ટોબર ને રવિવારે સવારે ૮.૩૦થી ૧૧.૩૦ દરમિયાન આ અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સહભાગી થવા માટે સૌ સંવેદનશીલો, બુદ્ધિજીવીઓ, યુવા સામાજિક કાર્યકરોને વિશ્વગ્રામ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**




(૧) જીઍસટી કાઉન્સિલની કેટલામી બેઠક તાજેતરમાં ૬ ઑક્ટોબરના રોજ મળી હતી?
(એ) ૨૧મી
(બી) ૨૨મી
(સી) ૨૩મી
(ડી) ૨૪મી

(૨) ટ્વીટર પર સૌથી વધુ ફોલોઅર્સ બાબતે નરેન્દ્ર મોદી કેટલામા નંબરે રહ્યા છે?
(એ) પ્રથમ (બી) દ્વિતિય
(સી) તૃતિય (ડી) ચતુર્થ

(૩) ટ્વીટર પર સૌથી વધુ ફોલોઅર્સ બાબતે પ્રથમ ક્રમે વિશ્વના કયા નેતા છે?
(એ) વ્લાદીમીર પુતિન (બી) ડોનાલ્ડ હેરી
(સી) પોપ ફ્રાન્સીસ (ડી) ડોનાલ્ડ ટ્રમ્પ

(૪) ઉત્તર પૂર્વના રાજ્યોમાં જળ વ્યવસ્થાપન માટે કોની આગેવાનીમાં હાઈ લેવલ કમિટીની રચના કરવામાં આવી છે?
(એ) અમિતાભકાન્ત (બી) રાજીવકુમાર
(સી) વિવેક દેબરોય (ડી) રાજીવ માથુર

(૫) ૨૦૧૭નો શાંતિ માટેનો નોબેલ પ્રાઈઝ કઈ સંસ્થાને મળ્યો છે?
(એ) આઈસીએએન (બી) યુનિસેફ
(સી) યુનેસ્કો (ડી) વિશ્વ બેન્ક

(૬) તાજેતરમાં અરૂણાચલ પ્રદેશના તવાંગ વિસ્તારમાં ભારતનું કયું હેલીકોપ્ટર તૂટી પડ્યું હતું?
(એ) જેએક્સ-૧૪ (બી) ધ્રુવ-૭
(સી) એમઆઈ-૧૭ (ડી) એચએલ રુદ્ર-૪

(૭) ભારતમાં પ્રથમવાર આયોજિત અન્ડર-૧૭ ફૂટબૉલ વિશ્વકપની પ્રથમ મેચ ભારતમાં કયા શહેરમાં યોજાઈ હતી?
(એ) ગોવા (બી) દિલ્હી
(સી) મુંબઈ (ડી) કલકત્તા

(૮) તાજેતરમાં કયા દેશે પરમાણુ ઊર્જાથી ચાલતા જહાજનું નિર્માણ કર્યું છે?
(એ) રશિયા (બી) નેપાળ
(સી) ચીન (ડી) ભારત

(૯) ભારતે કયા દેશ સાથે મળીને આતંકવાદ વિરુદ્ધ લડવા માટે નિર્ણય કર્યો છે?
(એ) ચીન (બી) ઈરાક
(સી) જિબૂતી (ડી) નેપાળ

(૧૦) તાજેતરમાં કયા વ્યક્તિને મરણોપરાંત પ્રતિષ્ઠિત અન્ના પોલિતકોવસ્કાયા એવોર્ડ આપવામાં આવ્યો છે?
(એ) જયકિશોર અવાના (બી) પત્રકાર ગૌરી લંકેશ
(સી) જયંત રાઠી (ડી) રમેશ ભાટીયા

### ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે

# સજીવ પેદાશ અને ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગે લઘુ કાર્યશાળા



ગાંધીનગર, તા. ૭

રાષ્ટ્રીય સેવા યોજના, ગ્રામ વ્યવસ્થાપન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા ખાતે ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (સી.ઈ.આર.સી.)ના એનવાયરમેન્ટ ઈનફોર્મેશન સિસ્ટમ(એનવિસ) વિભાગ (ભારત સરકારના વન વિભાગ પ્રયોજિત પ્રોજક્ટ) ગ્રીન એક્શન સપ્તાહ ઉજવણી નિમિત્તે 'સુરક્ષિત અને સંપોષિત પૈદાશ ખરીદે'ની વૈશ્વિક થીમ પર સજીવ પેદાશ અને ગ્રાહક સુરક્ષા જાગૃતિ અંગે લઘુ કાર્યશાળાનું આયોજન સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. સી.ઈ.આર.સી. એનવિસ વિભાગના સંયોજક અશોકાબેન ઘોષે ઓર્ગનિક ફૂડની પર્યાવરણ અને માનવ આરોગ્યલક્ષી ઉપયોગિતા વિષય પર વ્યાખ્યાન આપતા કહ્યું કે સજીવ પૈદાશનો સેવન કરવાથી ઉપભોક્તાનો આરોગ્ય તો સચવાય જ છે પણ એની સાથે સજીવ ખેતી માટેના પાયાભૂત સંસાધનો- જમીન, હવા અને પાણીની ગુણવત્તા પણ જણવાય છે, પર્યાવરણ અને જૈવ વિવિધતાના પ્રશ્નોનું પણ ચિરંજીવી હળ શોધી શકાય છે.

આ પ્રોજેક્ટમાં જ કામ કરતા વક્તા પ્રિયંકાબેન જોશી રિસર્ચ એશોસિયેટે સજીવ પૈદાશના સાચા લેવલ વિશે તાલીમ આપતા કહ્યું કે આજે સજીવ પૈદાશની બાત તો ઘણી વધા એકમો કરી રહ્યા છે પણ તે ખરી છે કે નહિં તેની તપાસ જરૂરી છે. કેમ કે તે પેદાશ મોંઘી હોય છે અને ઉપભોક્તાઓ છેતરાઈ ના જાય તેના પ્રત્યે યોગ્ય જાણકારી ધરાવતા થઈ જાય તે જરૂરી છે.

સી. ઈ. આર. સી.ના મદદનીશ વ્યવસ્થાપક મેઘાવીબેન જોશીએ ગ્રાહકોના મૂળભૂત અધિકારોની વિસ્તૃત ચર્ચા દાખલાઓ આપીને સમજાવ્યું કે કેવી રીતે છેતરવાનું થાય છે અને તેનાથી બચવા માટે સર્વપ્રથમ ફરજિયાત પણે બિલ લેવું જોઈએ તો જ તેના સામે કાયદાકીય પગલા લેવાનું શક્ય બને છે. તેમણે ગ્રાહક અધિકાર સુરક્ષાના સંદર્ભે સી.ઈ.આર.સી.ની ભૂમિકા વિશે જણાવતા કહ્યું કે એમ રાજ્યમાં ઘણી ઉપભોક્તા અધિકાર સંસ્થાઓ કામ કરી રહી છે. પણ આ સંસ્થા રાજ્ય ફૂડ. ઈલેક્ટ્રોનિક્સ વગેરેની લેબ ધરાવે છે, કાયદાકીય સેવાઓ ઉપભોક્તાના હિતમાં આપે છે અને સરકારની માન્ય કન્ઝ્યુમર હેલ્પલાઈન ધરાવે છે જે સોમથી શુક્રવાર સુધી ૧૦થી ૫ના સમયે ચાલૂ હોય છે ત્યાં ઉપભોક્તા પોતાના સાથે થયેલી છેતરપિંડીની શિકાયત નોધાવી શકે છે. સંસ્થાનો મીડિયેશન વિભાગ દર્જ કરેલ શિકાયત પર કાર્યવાહી કરીને ઉપભોક્તાની સમસ્યાઓનો નિકાલ લાવે છે. રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક અને કાર્યક્રમના સંચાલક વિશાલ, પૂજા, દયા, ઝલક અને ભાવિકાએ જણાવ્યું કે આ તાલીમ અભ્યાસની દ્રષ્ટિએ જ નહિં પણ જીવનના વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થિઓને ઉપયોગી નિવડશે અને તેઓ આ જાણકારી છેવાડાના લોકો સુધી પહોંચાડીને તેમને છેતરાવાથી બચાવવા જાગૃત કરશે. કાર્કમમાં સક્રિય ભાગીદારી કરતા અન્ય સ્વયં સેવકે કૌશિક અને ધર્મપાલે વક્તાઓ સાથે સંવાદ કરતા કહ્યું કે જો સજીવ ખેતી કરતાં ખેડુતો માટે સજીવ પૈદાશ અંગેનો પ્રમાણપત્ર મેળવવાનું સરળ અને સસ્તુ બનશે ત્યારે જ સજીવ ખેતીને પ્રોત્સાહન મળી શકે છે જેના દ્વારા અચૂકપણે પર્યાવરણ સંરક્ષણ અને સંપોષિત ફૂડની સુનિશ્ચિતતા કરી શકાય છે. રા.સે.યો.ના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને આભાર વ્યક્ત કરતા કહ્યુ કે આવા કાર્યક્રમો થકી રાષ્ટ્રનો વિકાસ અને અહિંસક સમાજ રચનાનું નિર્માણ શક્ય બને છે.